# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-12-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, કચ્છના સફેદ રણની ભવ્યતા જોવી એ પોતાનામાં એક આનંદદાયક અનુભવ છે.

આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા શ્રી મોદીએ 23 નવેમ્બરથી શરૂ થયેલા અને 20 ફેબ્રુઆરી સુધી યોજાનાર કચ્છના રણોત્સવ વિશે વાત કરતા કહ્યું કે, રણોત્સવમાં કચ્છની લોક સંસ્કૃતિ, લોક સંગીત, નૃત્ય અને હસ્તકળાની વિવિધતા દેખાય છે. તેમણે ઉમેર્યું કે, ગત એક મહિનામાં અત્યાર સુધી દેશ વિદેશના બે લાખથી વધુ લોકો રણોત્સવનો હિસ્સો બની ચૂક્યા છે.

(બાઈટ-PM)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ વર્ષે ભારતે રાષ્ટ્રીય સુરક્ષાથી લઈને રમતગમત અને વિજ્ઞાન પ્રયોગશાળાઓથી લઈને વિશ્વના સૌથી મોટા મંચ સુધી દરેક જગ્યાએ મજબૂત અમીટ છાપ છોડી છે. શ્રી મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર આ વર્ષે દરેક ભારતીય માટે ગૌરવનું પ્રતીક બન્યું.

(બાઇટ-PM)

પ્રધાનમંત્રી મોદીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતે આ વર્ષે વિજ્ઞાન અને અવકાશ ક્ષેત્રે પણ મોટી છલાંગ લગાવી છે. ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચનારા પ્રથમ ભારતીય બન્યા. શ્રી મોદીએ ધ્યાન દોર્યું કે પર્યાવરણીય સંરક્ષણ અને વન્યજીવન સંરક્ષણ સંબંધિત ઘણા પ્રયાસો પણ 2025 ની ઓળખ બની ગયા છે. તેમને એ વાતનો આનંદ છે કે ભારતમાં ચિત્તાઓની સંખ્યા હવે 30 થી વધુ થઈ ગઈ છે.

---

## મતદારયાદી સુધારણા કાર્યક્રમ:

ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-2026 અંતર્ગત ખાસ ઝુંબેશનું આયોજન કરાયું છે. જે અંતર્ગત નાગરિકોની ઉંમર 1 જાન્યુઆરી, 2026ના રોજ 18 વર્ષ કે તેથી વધુ થતી હોય, તેઓ મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકશે.

જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ ગઈકાલે અને આજના દિવસ ઉપરાંત અગામી 3 અને 4 જાન્યુઆરીના દિવસે દરેક મતદાન મથક પર સવારથી સાંજ સુધી બુથ લેવલ ઓફિસર હાજર રહેશે. અને નવા મતદારોના નામ નોંધાવવા, મુસદ્દા મતદારયાદીમાં સમાવિષ્ટ કોઈ નામ સામે વાંધો રજૂ કરવા માટે તેમજ મતદારયાદીની વિગતોમાં સુધારો કરવા માટે પોતાના ફોર્મ ભરી શકશે.

---

## ભુકંપના આંચકા:

રાપર નજીક એકલના રણમાં ગુરુવારે સવારે 4:30 વાગ્યાના અરસામાં 4.6ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયા બાદ આગામી 29 કલાકમાં કુલ 22 આફટરશોક અનુભવાયા હતા. સિસ્મોલોજી વિભાગના આંકડા મુજબ ગુરુવારે 16 અને શુક્રવારે 5 નાના-મોટા આંચકા નોંધાયા હતા, જ્યારે એક આંચકો મુખ્ય ભૂકંપ તરીકે નોંધાયો હતો.

અત્રે ઉલેખનીય છે કે વાગડ વિસ્તારમાં પોચી માટી અને નબળા પથ્થરિયાં સ્તરો હોવાને કારણે કંપનની અસર વધારે અનુભવાઈ હતી. રાપર આસપાસનો વિસ્તાર દક્ષિણ વાગડ, પશ્ચિમ વાગડ અને કચ્છ મેનલેંન્ડ ફોલ્ટથી પ્રભાવિત હોવાથી અહીં વારંવાર નાના-મોટા ભૂકંપ નોંધાતા રહે છે. આફટરશોક સામાન્ય પ્રક્રિયા છે, પરંતુ તેની સંખ્યા અને તીવ્રતા પર સતત નજર રાખવી જરૂરી છે.

---

## ICAI-એકાઉન્ટીંગ મ્યૂઝીયમ:

ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉટન્ટ ઓફ ઈન્ડીયાની ગાંધીધામ શાખા ખાતે એકાઉન્ટીંગ મ્યૂઝીયમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં અકાઉન્ટિંગ વ્યવસાયના ઇતિહાસ, વિકાસ અને મહત્વપૂર્ણ માહિતીને પ્રદર્શિત કરવામાં આવી છે.

ઉપરાંત ICAIની ગાંધીધામ શાખા દ્વારા ‘કોડ ઓફ એથીક્સ’ વિષય અંગે યોજાયેલા સેમિનારમાં ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ વ્યવસાયમાં નૈતિકતા, વ્યાવસાયિક મૂલ્યો, જવાબદારી તથા શિસ્તના મહત્વ અંગે વિસ્તૃત અને વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---

## રખડતા ઢોરોને પકડવાની ઝુંબેશ:

વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપરમાં રખડતા ઢોરો અને આંખલાઓનો સમસ્યા વ્યાપક બનતા રાપર નગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા ઢોરો અને આંખલાઓને પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પ્રથમ દિવસે જ ઢોરોને પકડવા માટે પીંજરા અને ટ્રેક્ટરનો ઉપયોગ કરી અનેક આંખલાઓને પકડીને પાંજરાપોળમાં મુકવામાં આવ્યા હતા.

ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાની સૂચનાથી નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરના માર્ગદર્શનમાં સુધરાઈ સ્ટાફે આ કામગીરી હાથ ધરી હતી.

---